# ગાંધીનગરમાં ચોરી કરનારા ત્રણ ઘરફોડીયા ઝડપાયા

ગાંધીનગર, તા.૯

સેકટર-૧૭ અને સેકટર-૧૬માં આઠ ઘરફોડ ચોરી કરનાર ત્રણ ઘરફોડીયાઓને પોલીસે ઝડપી લીધા છે.

એલસીબીનો સ્ટાફ ગઈકાલે પેટ્રોલીંગમાં હતો ત્યારે સેકટર-૧૭ હેલીપેડ નજીક ત્રણ શખ્સો શંકાસ્પદ હીલચાલ કરતા નજરે પડયા હતા. પોલીસે આ ત્રણ શખ્સો વિષ્ણુભાઈ સોલંકી-ચાણકયપુરી અમદાવાદ, પોપટવાઈ વાદી-ચાણકયપુરી અમદાવાદ અને વિજય ચુનારાની અટકાયત કરી પુછપરછ કરતા ઘરફોડ ચોરીનો મામલો સામે આવ્યો હતો.

આ ત્રણેય શખ્સોએ છેલ્લા ત્રણ માસ દરમિયાન આઠ ઘરફોડ ચોરી કરી હતી તેમાં સેકટર-૧૭માં પાંચ અને સેકટર-૧૬માં કરેલી ત્રણ ઘરફોડ ચોરીનો સમાવેશ થાય છે. આ ત્રણ આરોપીએ પૈકી વિષ્ણુ સોલંકી તથા પોપટવાદી અગાઉ પણ ઘરફોડના ગુન્હામાં ઝડપાયેલા છે. આ અંગે સેકટર-૨૧ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર જિલ્લામાં વરલી મટકા અને જુગારના અડ્ડાઓ પર પોલીસના દરોડા

ગાંધીનગર, તા. ૯

એલસીબી પોલીસે પેથાપુર અને ખાત્રજ ચોકડી પાસે ચાલતા જુગાર અને વરલી મટકાના અડ્ડાઓ પર દરોડા પાડી બે લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી લીધો છે.

જિલ્લા પોલીસ અધિક્ષક અર્ચના શિવહરેની સુચના અનુસાર એલસીબી પોલીસે ગાંધીનગર જિલ્લામાં સઘન પેટ્રોલીંગ કરી જુગારના અડ્ડાઓ પર દરોડા પાડ્યા હતા. ખાત્રજ જતા રોડ પર એડ વેલ્યુ કંપની સામે કનુભાઈ પટેલના ફાર્મ હાઉસના મકાનની પાછળના ભાગે ખુલ્લામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોવાની બાતમીના આધારે પોલીસે ૧૮ આરોપીઓને ઝડપી લીધા છે અને કુલ રૂ. ૧૮,૮૯,૮૬૯નો મુદ્દામાલ પકડી પાડ્યો છે.

બીજો દરોડો પેથાપુર અંબિકા ચોક પાસે એક દુકાનમાં ચાલતા વરલી મટકાના જુગારના અડ્ડા પર પાડ્યો હતો. પોલીસે વરલી મટકાનો જુગાર રમતા જાકીરહુસેન ઈમામભાઈ, ભરતભાઈ મોદી અને પ્રકાશ ભાવસારને ઝડપી લઈ ૧૯,૧૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિ દ્વારા ગ્રાહક કલબના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીના અધ્યક્ષ સ્થાને અને સંસ્થાના માનદ્ સલાહકાર એ.બી. મકવાણાના મુખ્ય મહેમાન પદે ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં કન્ઝયુમર ગ્રાહક કલબના અનુસંધાને તાજેતરમાં વિશ્રામગૃહ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગ્રાહક સુરક્ષા સમિતિના પ્રમુખ ચતુરજી ઠાકોરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સમગ્ર બેઠકમાં સમિતિના હોદ્દેદારો સાથે કન્ઝયુમર્સ કલબની કામગીરી અંગે વિસ્તરણની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં માધ્યમિક શાળાઓ ખુલ્યા બાદ સરકાર દ્વારા ફાળવવામાં આવેલા ૧૯૬ વિદ્યાર્થી ગ્રાહક કલબ માધ્યમિક શાળાઓમાં કામગીરી શરૂ કરવામાં આવનાર છે સમિતિના હોદ્દેદારો આ કામગીરી ખુબ જ ઉત્સાહથી કરે તે માટે સંસ્થાના પ્રમુખ ચતુરજી ઠાકોર દ્વારા કામ અંગેની વહેંચણી કરવામાં આવી હતી.

# સંકલીત બાળ સુરક્ષા યોજના અંતર્ગત એક દિવસીય વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૯

સંકલીત બાળ સુરક્ષા યોજના અંતર્ગત સમાજ સુરક્ષા ખાતુ ગુજરાત રાજ્ય, યુનેસેફ ગુજરાત અને ગુજરાત બાળ સંરક્ષણ સોસાયટીના સહયોગથી જિલ્લા બાળ સંરક્ષણ મંડળના નેજા હેઠળ તાજેતરમાં એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા બાળ સંરક્ષણ મંડળના પ્રમુખ અને કલેક્ટરના અધ્યક્ષ સ્થાને દીપ પ્રાગટ્ય કરી સમગ્ર વર્કશોપનો શુભારંભ થયો હતો. જેમાં સમાજ સુરક્ષા ખાતાના નિયામક આર.એસ. પટેલ, જિલ્લા બાળ સંરક્ષણ મંડળના પ્રમુખ અને કલેક્ટર પી. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી એમ.એ. ગાંધી આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સંકલીત બાળ સુરક્ષા યોજના (આઈસીપીએસ)માં નિમણુંક કર્મચારી, તેમનો દરજ્જો, ભૂમિકા, યોજનાકીય માળખું અને અમલીકરણ તથા જુવેનાઈલ જસ્ટીસ એક્ટ-૨૦૦૦ અને નિયમ ૨૦૧૧ વિશે, બાળકોની વ્યાખ્યા, ઉંમરના પુરાવા, બાળકોના અધિકારો, કાયદાના સંઘર્ષમાં આવતા કિશોરો, કાયદાના સંપર્કમાં આવતા કિશોરો અને કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકોમાં કયા કયા બાળકો આવે, બાળકોની સમસ્યાઓ, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ અને બાળ કલ્યાણ સમિતિના સભ્યોની ભૂમિકા, ખાસ જુવેનાઈલ પોલીસ એકમની ભૂમિકા વિગેરે વિશે વિવિધ ઉદાહરણ દ્વારા માર્ગદર્શન આપી ચર્ચા-વિચારણા કરીને ઝડપી અને અસરકારક અમલીકરણ માટે અલગ-અલગ ગૃપ પાડી એક્શન પ્લાન તૈયાર કરાવી એક્શન પ્લાન વિશે વિગતવાર સમજૂતી આપી હતી.

વર્કશોપમાં ગાંધીનગર જિલ્લાના સ્ટેક હોલ્ડરોમાં જિલ્લા પંચાયતની કચેરી, જિલ્લા વિકાસ અધિકારીની કચેરી, જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી, કલેક્ટરની કચેરી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, શ્રમ વિભાગ, જિલ્લા સિક્ષણ વિભાગ, જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી, તાલુકા કક્ષાના એસ.ટી.ડેપોના મેનેજર, સામાજિક સંસ્થાના પ્રતિનિધિઓ વિગેરે અલગ અલગ કચેરીના અધિકારીઓ હાજર રહી સંકલીત બાળ સુરક્ષા યોજના અને જુવેનાઈલ જસ્ટીસ એક્ટ-૨૦૦૦ અને નિયમ-૨૦૧૧ વિશે ચર્ચા-વિચારણા કરી યોજનાના સફળ અમલીકરણમાં સહભાગી થવા સહમત થયા હતા.

# સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨૨ની શાખાના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૯

સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૨ શાખાની તાજેતરમાં બેઠક મળી હતી. જેમાં બ્રહ્મસમાજના અગ્રણીઓ અને મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને નવા હોદ્દેદારોની સર્વ સંમતિ સાથે નિયુક્તિ કરી હતી.

પ્રમુખ તરીકે ભગવતીપ્રસાદ મહેતા, મહામંત્રી તરીકે ધવલભાઈ દવે, ઉપપ્રમુખ તરીકે બીપીનભાઈ જોષી, સહમંત્રી તરીકે સંજયભાઈ પંડ્યા, સંગઠન મંત્રી તરીકે જયેશભાઈ દવે, કારોબારીમાં મિલનભાઈ વ્યાસ, સલાહકાર સભ્યોમાં ઉમેશભાઈ વ્યાસ, સી.ડી. ધનેશ્વર અને અશ્વિનભાઈ વ્યાસની વરણી કરવામાં આવી છે. નવા વરાયેલા હોદ્દેદારોને સૌ સભ્યોએ હર્ષોલ્લાસથી વધાવી લીધા હતા અને અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગર જિલ્લા ચેસ એસોસીએશન દ્વારા સચિવાલય કેન્ટીન ખાતે ચેસ ટૂર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસીએશન દ્વારા ગાંધીનગર જિલ્લા પંચાયતની પુંધરા સીટના શ્રી ગાભુસિંહ સોમસિંહ રાઠોડની સ્પોન્સર શીપ હેઠળ આજ તારીખ ૯-૬-૧૨ના રોજ જુના સચિવાલય કેન્ટીન ગાંધીનગર ખાતે અન્ડર ૧૫ વર્ષ વયમાં ટુર્નામેન્ટ બે જુથમાં રમાડવામાં આવેલી. તેમાં કુલ ૩૮ બાળકોએ ભાગ લીધો હતો. બંને જુથમાં પાંચ પાંચ રાઉન્ડ રમાડવામાં આવેલ. ખુબજ રસાકશીના અંતે અન્ડર ૧૫ વર્ષ વય જુથમાં ૫ માંથી ૪।। પોઈન્ટ મેળવી કુમાર નિખિલ ચેમ્પિયન બનેલ જ્યારે ૫માંથી ૪।। પોઈન્ટ સાથે ચૌહાણ કવન બીજા નંબરે તેમજ ત્રીજા નંબરે શાહ મીત રહેલ જ્યારે અન્ડર ૧૨ વર્ષ વય જુથમાં ૫ માંથી ૪ પોઈન્ટ મેળવી પાઠક રૂદ્ર ચેમ્પિયન બનેલ જ્યારે ૫ માંથી ૪ પોઈન્ટ સાથે પંચોલી નિધય બીજા નંબરે તેમજ ત્રીજા નંબરે કુમાર ગાયત્રી રહેલ બંને જુથમાં ચોથા અને પાંચમા નંબરના ખેલાડીઓને ઈન્ટર નેશનલ ચેસ સેટ આપી સન્માનીત કરવામાં આવેલ.

આ ટુર્નામેન્ટની સફળતા માટે પંકજ પંચોલી, નેશનલ આર્બીટર-સુરેન્દ્રનગરે આર્બીટર તરીકે સેવાઓ બજાવેલ આ ઉપરાંત એન.જે. સાતુનિયા, અશ્વિનભાઈ બારોટ, હસમુખ નાયક, શૈલેષ નાયક તમામે ખૂબજ જહેમત ઉઠાવેલ.

# પાટીદાર કોંગ્રેસ સંમેલનની સફળતા બદલ આભાર વ્યક્ત કરતા આયોજકો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશભાઈ પટેલે એક અખબારી યાદીમાં પાટીદાર કોંગ્રેસ સંમેલનને સફળ બનાવવા બદલ સર્વે સહ કાર્યકરો અને સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રેરિત મહેસાણા ખાતે તાજેતરમાં પાટીદાર કોંગ્રેસ સંમેલન યોજાયું હતું. જેમાં ગાંધીનગર જિલ્લાના કલોલ, ગાંધીનગર ઉત્તર, ગાંધીનગર દક્ષિણ, માણસા અને દહેગામ વિધાનસભા મત વિસ્તારના પાટીદાર સમાજના આગેવાનો, કાર્યકર ભાઈ-બહેનો તેમજ ગાંધીનગર શહેરમાંથી અન્ય સમાજના કોંગ્રેસ આગેવાનો અને કાર્યકરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સંમેલનને સફળ બનાવવા અથાગ પ્રયત્ન કર્યો હતો. પાટીદાર કોંગ્રેસ સંમેલનમાં જંગી જનમેદની એકત્રીત થઈ હતી જે બદલ સર્વેનો પાટીદાર ગૌરવ મહાસંમેલન સ્વાગત સમિતિ તથા ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિએ આભાર વ્યક્ત કર્યો છે અને અભિનંદન પાઠવ્યા છે.

# આપાતકાલીન વ્યવસ્થા માટે કંટ્રોલ રૂમ શરૂ કરવા શહેર વસાહત મંડળની માગ

ગાંધીનગર, તા.૯


ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બૂચે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર મહાનગરપાલિકામાં વર્ષાઋતુ દરમિયાન ઝાડ પડી જવા, પાણી ભરાઈ જવા, કચરો સડી જવો, ઢોર-ઢાંખરના મૃતદેહોના નિકાલ વગેરે બાબતે કોઈ ચોકકસ જવાબદારી વહન થતી નથી. જેથી સ્થાનિક રહીશો પરેશાની ભોગવે છે અને વ્યવસ્થા ખોરવાય છે.

પ્રતિ વર્ષ વર્ષાઋતુ અને અતિવૃષ્ટિ સમયે જાહેર જનતાને મુશ્કેલીમાંથી બચાવવા માટે અને જરૂરી સહાય આપવા માટે કંટ્રોલરૂમની ખાસ જરૂરત છે. અગત્યની જાણકારી લોકો સુધી પહોંચી શકે તે માટે જિલ્લા, તાલુકા અને શહેરનો કંટ્રોલરૂમ ૨૪ કલાક કાર્યાન્વિત થાય તે જરુરી છે.

છેલ્લા બે દિવસમાં સખત વાવાઝોડા સાથે સાંજે વરસાદ તૂટી પડયો હતો. જેનાથી ઘ રોડ, ચ રોડ પર આવેલા ઝાડવાઓ ઠેક ઠેકાણે પડી ગયા હતા. રસ્તા પર ઝાડ પડી જવાથી રસ્તો બંધ થઈ ગયો હતો. આ સ્થિતિમાં કોણ ઝાડ ઉપાડે તેનો વિવાદ ફાયર બ્રિગેડ અને વન વિભાગ વચ્ચે ચાલ્યો હતો. લોકો પરેશાન થયા હતા. જવાબદારી કોની? આવી જ સ્થિતિ પાણી ભરાય ત્યારે બને છે. સેકટર-૨૪નું સર્કલ, પટેલ પાર્લરની સામેના ભાગમાં પાણીના ખાબોચિયા રોડ પર ભરાઈ ગયા છે. આ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા પણ ખોરવાઈ છે. સફાઈની બાબતમાં પણ આવા પ્રશ્નો છે. જેમ કે વસાદ શરૂ થતાં કચરાના ઢગથી ગંદકી વધુ ફેલાય છે, ત્યાં સ્વચ્છતા જળવાતી નથી. દવાનો છંટકાવ થાય તે જરુરી છે. સફાઈ કામગીરી નિયમિત બને તે જરુરી છે. મરેલા ઢોર, કૂતરા, પશુ પક્ષીઓનો નિકાલ કરવો, સડેલા પદાર્થ, ખાણી-પીણી, સડેલા શાકભાજીના નિકાલની વ્યવસ્થા તાકીદે કરવામાં આવે તેવી ગોઠવણ કરવી જોઈએ. તેના માટે જે તે વિભાગની જવાબદારીઓ નક્કી થવી જોઈએ જેનાથી ચોમાસા દરમિયાન ઉદભવતા ગંદકી કે અસ્વચ્છતાના પ્રશ્નો સંદર્ભે ગેરવ્યવસ્થા ઉભી ન થાય!

# જીત ને હાર બંને મારી જ રહેશે અહીં કારણ મારી શરત મારી જાત સાથે છે

ગાંધીનગરનો એક તરવરિયો યુવાન, જે પાંચ વર્ષની વયથી કરાટે શીખતો હતો. માર્શલ આર્ટનો પહેલેથી જ પ્રેમી અને બ્રૂસ લીનો ફૅન.



બ્રૂસ લીની ફિલ્મ જુએ ત્યારે ત્યારે મનમાં અખૂટ આવેગ જાગે. એમ થાય કે હુંય આવી રીતે માર્શલ આર્ટ શીખું, હુંય આવી રીતે ફાઈટ ટૅકનીક શીખું ને હુંય આવી જ કોઈ મહાન કલાનો એક ભાગ બનું.

મન હોય તો માળવે જવાય એ વાત પોતે જાણતો હતો અને અહીં તો મન જ માળવે હતું ! એટલે લક્ષ્યને પાર પાડવું અઘરું ન લાગ્યું. મહેનત કરવી પડી પણ ગમતી પ્રવૃત્તિ હતી એટલે મહેનત કરી ને પહોંચ્યો પોતાના લક્ષ્ય સુધી. અલબત્ત, એની યાત્રા હજુ ચાલુ છે. કારણ કે રોજ પોતાની જાતને એ નવાં લક્ષ્ય આપે છે, એ લક્ષ્ય પૂર્ણ કરવાનો પડકાર આપે છે અને પછી લક્ષ્ય પૂર્ણ કરવા માટે જાતને કામે પણ લગાડી દે છે.

વાત છે ગાંધીનગરના યુવાન પ્રજ્ઞેશ મેસરિયાની, જે સૅક્ટર પાંચના રહેવાસી છે અને સ્કૂલ ઑફ ઍચિવર, કુડાસણ ખાતે સ્પૉર્ટ્સ ટીચર તરીકે ફરજરત છે. બીએ, ઍલઍલબી અને બીપીએડનો અભ્યાસ તેમણે કર્યો ને સાથે પોતાની મનપસંદ આર્ટ કરાટેમાં બ્લૅક બેલ્ટ પણ મેળવ્યો. હાલ તેઓ સૅકન્ડ ડિગ્રી બ્લૅક બેલ્ટ છે અને ટાઈ કોન ડો, ચોઈ કોન ડો તેમજ જીત કુન ડો એ ત્રણેય માર્શલ આર્ટના માન્યતાપ્રાપ્ત અને ખ્યાત કોચ છે.

૧૯૯૮માં એમની આગેવાની તળે ગાંધીનગર જિલ્લાની ટીમ પ્રથમ વખત ટાઈ કોન ડોની સ્પર્ધામાં લખનૌ ખાતે નેશનલ લેવલની સ્પર્ધામાં પહોંચી હતી, જેમાં ૪ ગોલ્ડ અને ૧ સિલ્વર મેડલ પણ પ્રાપ્ત કર્યો હતો. એ પછી આજ સુધી કુલ ૧૫ નૅશનલ ગેમ્સમાં તેમણે કોચ તરીકે પોતાની સેવાઓ આપી છે અને ૧૫૦થી વધુ મૅડલ ગાંધીનગરના તાલીમાર્થીઓની ટીમને અપાવ્યા છે.

ગાંધીનગર ડીઍસપી ઑફિસમાં વાયરલેસ ઑપરેટર તરીકે ફરજરત કે એ મેસરિયાના પુત્ર એવા આ યુવાને કરાટેને પોતાની કેરિયર ન બનાવી, પરંતુ કરાટેને સમાજસેવાનું સાધન પણ બનાવી દીધું. આજના જમાનામાં આત્મરક્ષણની જરૂરિયાતને ધ્યાને લઈ તેમણે ઉનાળુ વૅકેશન અને દિવાળી વૅકેશન દરમ્યાન બહેનો માટે નિઃશુલ્ક સ્વરક્ષણની તાલીમના વર્ગોનો આરંભ કર્યો. ૧૯૯૯થી તેઓ નિરંતર આ પ્રવૃત્તિ કરે છે અને શહેરની ૩૦૦થી વધુ દીકરીઓને સ્વરક્ષણની તાલીમ નિઃશુલ્ક આપી ચૂક્યા છે.

એમની પાસેથી તાલીમ લઈ ચૂકેલી યશ્વી પટેલ નામની દીકરી નૅશનલ લેવલે ૧૦ વખત ગોલ્ડ મૅડલ જીતી ચૂકી છે, જે પૈકી પાંચ ગોલ્ડ મૅડલ તો તેણે સતત જીત્યા હતા. આવા તો અસંખ્ય ઉદાહરણો એમની જબાન પર મોજૂદ છે.

સંબંધ સજાવે જિંદગી

**હરતાં-ફરતાં સાવ અચાનક**

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com

પોતાના વિદ્યાર્થીઓની જીતથી હરખાતા પ્રજ્ઞેશભાઈ જોકે પોતાની સફળતાનો સઘળો યશ ઍલસીબીમાં ફરજ બજાવતા કેતનભાઈ રાવલને આપે છે. એમની પ્રેરણાથી પોતે આ રસ્તે સફળથા પામી શક્યા છે એવું પ્રજ્ઞેશભાઈ કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારે છે.

કરાટેમાં એક લાંબી અને સફળ મજલ કાપનાર પ્રજ્ઞેશભાઈ હાલ ગાંધીનગર જિલ્લા જીત કુન ડો ઍસોસિએશનના જનરલ સૅક્રેટરી તથા ટૅકનીકલ ડિરેક્ટર તરીકેનો હોદ્દો સંભાળે છે. એ ઉપરાંત ઑલ ગુજરાત ઍમૅચ્યોર ટાઈ કોન ડો ઍસોસિએશનમાં પણ તેઓ ટૅકનીકલ ડિરેક્ટરનું પદ શોભાવી રહ્યા છે.



કરાટે એ માત્ર એક રમત નથી, પરંતુ તેનાથી શારીરિક અને માનસિક સજ્જતા વધે છે એવો એમનો મત છે. આજના જમાનામાં દીકરીઓએ તો આ કલા શીખવી જ જોઈએ એવું એમનું દ્રઢપણે માનવું છે. કારણ કે જે સમાજમાં સ્ત્રી મજબૂત હશે તે સમાજની આવનારી પેઢી પણ મજબૂત બનશે એવું એવી એમની માન્યતા છે.

તાલીમાર્થીઓની શારીરિક સજ્જતા કેળવાય તે માટે ઓપલ ગૃપના નેજા તળે ટ્રેકીંગની તાલીમ પણ તેઓ આયોજિત કરી રહ્યા છે અને ટ્રેકીંગ કૅમ્પ્સનું આયોજન પણ કરી રહ્યા છે.

ગત વર્ષે નેશનલ લેવલે આયોજિત સ્કૂલ ગેમ્સમાં એમની આગેવાની તળે ગયેલી ગુજરાતની ટીમે સમગ્ર ભારતની ટીમો વચ્ચે દ્વિતિય સ્થાન મેળવીને ઈતિહાસ સર્જ્યો છે.

હવે દેશભરમાં ગુજરાતની ટીમ પ્રથમ સ્થાન મેળવે એવો લક્ષ્યાંક એમણે જાતને આપ્યો છે અને એ લક્ષ્યાંક પૂર્ણ કરવા માટે કમર પણ એમણે કસી લીધી છે, મહેનતનો આરંભ કરી દીધો છે અને વિદ્યાર્થીઓને પણ મહેનત કરાવવા માંડ્યા છે. અને હા, થોડા મહેનતુ અને નિષ્ઠ તાલીમાર્થીઓની પણ એમને તલાશ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪

સૂર્યાસ્ત : ૭.૨૨

## તાપમાન

મહત્તમ : ૩૭.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૪૪ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** શાંઘાઈ : ૧૨.૦૦

રાઉડી રાઠોડ : ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** શાંઘાઈ : ૧૦.૦૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૧૫

રાઉડી રાઠોડ : ૧૨.૧૫

**સ્ક્રીન-૩ :** શાંઘાઈ : ૧૧.૧૫

રાઉડી રાઠોડ : ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૪ :** રાઉડી રાઠોડ : ૧૧.૦૦

શાંઘાઈ : ૧.૪૫, ૪.૧૫, ૬.૪૫, ૯.૩૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** પ્રોમેથ્યુસ (૩ડી) હિન્દી : ૧૦.૦૦, ૨.૩૦, ૭.૦૦

મડાગાસ્કર : ૩-યુરોપ્સ મોસ્ટ વોન્ટેડ (અંગ્રેજી) : ૧૨.૩૦, ૫.૦૦

શાંઘાઈ : ૯.૩૦

**સ્ક્રીન-૨ :** રાઉડી રાઠોડ : ૯.૪૫, ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સ્ક્રીન-૩ :** શાંઘાઈ : ૧૧.૧૫

રાઉડી રાઠોડ : ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :** શાંઘાઈ : ૧૦, ૧૨.૩૦, ૩, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- સમસ્ત સૌરાષ્ટ્ર અનુસૂચિતજાતિ સેવા સમાજ દ્વારા બપોરે ૩.૦૦ કલાકે સામાજિક કાર્યક્રમ યોજાશે.

### ટાઉન હોલ

- ગુજરાત વેટનરી મંડળ દ્વારા સવારે ૮.૦૦ કલાકે કાર્યક્રમ
- રાત્રે ૯.૩૦ કલાકે આર્ટ લવર્સ દ્વારા 'ગાંધી તારી બીક છે.. બાકી બધું ઠીક..' નાટક

### સાહિત્યીક

- સિટી પલ્સ ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટીટ્યુટ દ્વારા સાહિત્યોત્સવમાં સવારના પ્રથમ સત્રમાં શપી કિડવાઈના સંચાલનમાં વિમર્શ અંતર્ગત પ્રિયંવદ અને અમૃત ગાંગરનાં પ્રવચન ● બપોરે ૧૨ કલાકે 'સાહિત્ય ઔર સિનેમા' અને 'હિન્દી કવિતા ઔર સિનેમા' વિષય પર પ્રવચન ● રાત્રે ૮ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમમાં શીન કાફ નિઝામ અને સાથીઓ દ્વારા મુશાયરો યોજાશે.

### સામાજિક

- રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા હૃદયરોગ નિદાન કેમ્પનું આયોજન સવારે ૯.૦૦ કલાકે ફિઝીયોથેરાપી, પંચદેવ મંદિર પાસે, સેકટર-૨૨ ખાતે રાખવામાં આવેલ છે.

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**વૃષભ** : જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

**કર્ક** : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

**સિંહ** : અરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે.

**તુલા** : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

**મકર** : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે.

**મીન** : મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. કોકાજી ધનાજી મકવાણા (ઉ. વ. ૫૦) મુ.પો. ધોળાકુવા તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જગમલભાઈ માદણભાઈ ઠાકોર (ઉ. વ. ૪૫) મુ.પો. લવારપુર તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ચુનીબેન વલ્લાજી વણઝારા (ઉ. વ. ૭૫) મુ.પો. બોરીઝ તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રામાભાઈ પ્રભુદાસ પટેલ (ઉ. વ. ૬૬) દરજી વાસ મુ.પો. રાંધેજા તા., જિ. ગાંધીનગર.